**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૪/૦૯/૨૦૧૭ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૯૩૧/૧૭**

**મહિલા ક્રાઇમ બ્રાન્ચ :**

અમદાવાદ શહેર મહિલા પોલીસે નવરાત્રી મહોત્સવ દરમ્યાન શહેર ના વિવિધ વિસ્તારોમાંથી ડીકોય ટીમો ગોઠવી મહિલાઓ સાથે ચેનચાળા કરતા ૧૪ યુવાનોને ઝડપી પાડતી મહિલા પોસ્ટેની અલગ અલગ ટીમો

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રી તથા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાંચ અને નાયબ પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાન્ચ નાઓએ નવરાત્રી મહોત્સવ અન્વયે સમગ્ર અમદાવાદ શહેરમાં પાર્ટી પ્લોટ, કલબો, શેરીઓમાં ગરબાનું આયોજન થતું હોય છે. આ દરમ્યાન સ્ત્રીઓની છેડતીના બનાવો ન બને તે માટે એકશન પ્લાન ઘડી કાઢી સઘન પેટ્રોલીગ બંદોબસ્ત જાળવી આવા કોઇ બનાવો ન બને તે માટે સુચના કરેલ. જે આધારે અત્રેના મહિલા પોલીસ સ્ટેશન પુર્વ/પશ્ચિમ અને એસ.ઓ.જી. તથા સાયબરસેલ ના મહિલા અધિકારી/કર્મચારી ઓને એન્ટ્રી ડીકોન ની બે ટીમ તથા મહિલા હેલ્પ લાઇન-૧૮૧ ની ૧૦ ટીમો તેમજ અન્ય ૫ ટીમો બનાવી સમગ્ર અમદાવાદ શહેરમાં નવરાત્રીના દિવસોમાં સઘન બંદોબસ્ત પેટ્રોલીગ હાથ ધરવામાં આવે છે. રોજે રોજ સ્ત્રીઓને ન છાજે તેવુ વર્તન કરતા ઈસમોને પકડી પાડવામાં આવે છે.આજ રોજ પણ મહિલા પોલીસને આ કામગીરીમાં મહદ અંશે સફળતા મળેલ છે.આજ રોજ પેટ્રોલીંગ દરમ્યાન ડીકોયની ટીમે તથા પ્રો.પોલીસ સબ ઈન્સ્પેકટર ટી.આર.અકબરી નાઓની ટીમે તથા પ્રો. પોલીસ સબ ઈન્સ્પેકટર એસ.એચ.જાડેજા નાઓની ટીમે ખાણી-પીણી ના બજારો, જાહેર જગ્યાઓ તેમજ કલબો અને વિવિધ ગરબા વાળી જગ્યાઓએ વોચ ગોઠવેલ આ દરમ્યાન કુલ્લે-૧૪ યુવાનોને મહિલાઓ સાથે સ્ત્રીની ગરીમાં ને ન છાઝે તેવું વર્તન કરતા મળી આવતા ઝડપી લેવામાં આવેલ છે. તમામ આરોપીઓ વિરૂધ્ધમાં મહિલા પોલીસ સ્ટેશન પશ્ચિમ ખાતે કાયદેસરની કાર્યવાહી કરી અલગ અલગ ત્રણ ગુન્હોઓ નોંધવામાં આવેલ છે. અને આગળની તપાસ જારી છે. તા.૨૪/૦૯/૨૦૧૭

**કારંજ પોલીસ સ્ટેશન :**

નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ ઉષા રાડા સાહેબ તથા એ.સી.પી.શ્રી "સી" ડિવીઝન એલ.એ.ઝાલા સાહેબનાઓની સુચનાથી કારંજ સીની.પો.ઈન્સ.શ્રી આર.જે.પાંડર સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ કારંજ પો.સ્ટે વિસ્તારમાં મિલ્કત સંબંધી ગુનોઓ શોધી કાઢવા આપેલ સુચના આધારે સર્વેલંસ સ્કોડના ઈન્ચાર્જ ASI ધનરાજસિંહ માનસિંહ તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન તા.૨૩/૦૯/૧૭ ના કલાક ૧૭/૧૫ વાગ્યે જુની જુમ્મા મસ્જીદ પાસેથી એક આરોપી નામે યાસીન ઉર્ફે મુલ્લા આબીદભાઈ જાતે.શેખ ઉ.વ.૨૬ રહે.મ.નં.૫/૩૮૫ લલ્લુ રાવજીનો વંડો જનસત્તા પ્રેસની સામે મિરઝાપુર અમદાવાદ શહેરવાળાના કબજામાથી હોન્ડા એક્ટીવા નં. GJ 01 LR 5782 ની કબજે કરવામા આવેલ છે તપાસ દરમ્યાન સદર હુ એક્ટીવા દાણીલીમડા પો.સ્ટે ફ.ગુ.ર.નં.૧૩૩/૧૭ IPC ૩૭૯ મુજબના ગુનાના હોવાનુ ફલિત થયેલ છે

આ ઉપરાંત સદર હુ આરોપીની વિશેષ પુછપરછ દરમ્યાન અન્ય ચોરી કરેલ એક્ટીવા નં. GJ 01 LR 2051 તપાસ દરમ્યાન કબજે કરેલ છે જે એક્ટીવા વટવા પો.સ્ટે ફ.ગુ.ર.નં. ૩૫૩/૧૭ IPC ૩૭૯ મુજબના ગુનાના હોવાનુ ફલિત થયેલ છે

આમ સદર હુ આરોપીની તપાસ દરમ્યાન ઉપર મુજબના કુલ-૦૨ વાહનચોરીના ગુનાઓ શોધી કાઢવામા આવેલ છે

**અમરાઇવાડી પોલીસ સ્ટેશન :**

**છેલ્લા ચાર વર્ષથી અસલાલી પોલીસ સ્ટેશન તેમજ છેલ્લા છ વર્ષથી દાણીલીમડા પોલીસ સ્ટેશનના ગુનાના વોન્ટેડ/નાસતા ફરતા આરોપીની ધરપકડ કરતી અમરાઈવાડી પોલીસ**

**પ્રેશનોટ**

ઉપરી અધીકારીઓશ્રી ની સુચના મુજમ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી ઓ.એમ.દેસાઈ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તા:-૨૩/૦૯/૨૦૧૭ ના રોજ સર્વે સ્કોડના પો.સબ.ઈન્સ એસ.આર.બાવા તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો ધનરાજભાઈ છગનભાઈ બ.નં.૪૦૦૧ નાઓની બાતમી આધારે અસલાલી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૧૪/૧૩ ઈપીકો કલમ ૩૦૭,૩૨૪,૩૨૫,૩૨૬ મુજબ તથા દાણીલીમડા પો.સ્ટે ફ.ગુ.ર.નં.૧૧૯/૧૧ ઈપીકો કલમ ૩૯૨,૧૧૪ મુજબના કામનો વોન્ટેડ આરોપી વિજય સ/ઓ રાધવરામ રામનિર્મળ શર્મા ઉવ:૨૬ રહે: ૫૧ જગ્નાજીની સોસાયટી ગેરતપુર તા:દસ્ક્રોઈ જી:અમદાવાદ હાલ રહે:૪/૫૨ રઘુવિર એપાર્ટમેન્ટ અર્બુદાનગર ઓઢવ અમદાવાદ શહેર હાલ રહે: મુળવતન ગામ:મલ્લુપુર તા:જી:સુલતાનપુર ઉત્તર પ્રદેશ નાને તા:૨૩/૦૯/૨૦૧૭ ના કલાક ૨૦/૧૫ વાગ્યે સીઆરપીસી કલમ ૪૧(૧)(એ) મુજબ અટક કરી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.